# فضائل الإسلام

# ઈસ્લામ ધર્મની ખૂબીઓ

ગુજરાતી ભાષા اللغة الغوجاراتية

:: સંકલન ::

અબ્દુલકાદિર નદીસરવાલા

ડૉ. શૈખ હૈસમ સરહાનની દેખરેખ હેઠળ

સુન્નાહ શૈક્ષણિક કેન્દ્રના વડા

# :: ઈસ્લામ ધર્મની ખૂબીઓ ::

## (1) સુરક્ષિત ધર્મ :-

અલ્લાહ તઆલા ફરમાવે છે,

. إِنَّا نَحْنُ نَزَّلْنَا ٱلذِّكْرَ وَإِنَّا لَهُۥ لَحَـٰفِظُونَ

"બેશક અમે ઝિક્ર ને અવતરિત કરેલ છે અને અમે જ તેની રક્ષા કરનાર છીએ"

(સૂર: અલ-હિજ્ર-9)

અહીં ઝિક્રથી આશય કુરઆન મજીદ છે.

ઈસ્લામ એક એવો ધર્મ છે કે 1400 વર્ષ કરતાં પણ વધુ સમય પસાર થઇ ગયો હોવા છતાં પણ તેની તાલિમ પર તે સમયે જે અમલ થઈ રહ્યો હતો, તેના પર આજે પણ લોકો અમલ કરી રહ્યા છે. ઈસ્લામ ધર્મમાં કોઈ બદલાવ નથી આવ્યો, ન તો ઈબાદતમા, ન તો તેના સમયોમાં, કારણ કે ઈસ્લામ ધર્મની રક્ષા અલ્લાહ તઆલાએ ઘણી બધી રીતે કરી છે.

## (2) વૈશ્વિક ધર્મ :-

અલ્લાહ તઆલા ફરમાવે છે,

ٱلْحَمْدُ لِلَّهِ رَبِّ ٱلْعَـٰلَمِينَ

-"તમામ પ્રશંસા સમગ્ર સૃષ્ટિના રબ અલ્લાહ માટે જ છે." (સૂર: અલ-ફાતિહા-2)

وَمَآ أَرْسَلْنَـٰكَ إِلَّا كَآفَّةً لِّلنَّاسِ بَشِيرًا وَنَذِيرًا وَلَـٰكِنَّ أَكْثَرَ ٱلنَّاسِ لَا يَعْلَمُونَ

-" અને અમે તમને તમામ લોકો માટે ખુશખબર સંભળાવનાર અને ખબરદાર કરનાર બનાવીને મોકલ્યા છે, પરંતુ મોટા ભાગના લોકો જાણતા નથી " ( સૂર: સબા-28)

شَهْرُ رَمَضَانَ الَّذِيَ أُنزِلَ فِيهِ الْقُرْآنُ هُدًى لِّلنَّاسِ وَبَيِّنَاتٍ مِّنَ الْهُدَى وَالْفُرْقَانِ

-" રમઝાનનો મહિનો તે છે જેમાં કુરઆન અવતરિત કરવામાં આવ્યું જે લોકો માટે માર્ગદર્શિકા છે, જેમાં માર્ગદર્શન અને સત્ય- અસત્ય વચ્ચેના તફાવત ની બધી નિશાનીઓ છે. " ( સૂર:બકરહ-185)

ઉપરોક્ત કુરઆન ની આયતો પરથી કહી શકાય છે કે સમગ્ર સૃષ્ટિનો રબ અલ્લાહ તઆલા છે. હજરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ને દુનિયાના તમામ લોકો તરફ પયગંબર બનાવીને મોકલવામાં આવ્યા. ઈશગ્રંથ કુરઆન પણ દુનિયાના તમામ લોકો માટે અવતરિત કરવામાં આવ્યું છે. ઈસ્લામના આદેશો માત્ર મકકા, મદીના, સઉદી અરેબિયા ના લોકોના માહોલ કે પ્રકૃતિ અનુસાર નથી, કોઈ ચોક્કસ શહેર કે દેશ ના લોકોની માનસિકતા ને અનુરૂપ નથી, પરંતુ દુનિયાના દરેક પ્રદેશના લોકો માટે છે. તેથીજ ઈસ્લામ ધર્મ દુનિયામાં દરેક જગ્યાએ જોવા મળે છે.

## (3) સંપૂર્ણ ધર્મ :-

અલ્લાહ તઆલા ફરમાવે છે,

ٱلۡيَوۡمَ أَكۡمَلۡتُ لَكُمۡ دِينَكُمۡ وَأَتۡمَمۡتُ عَلَيۡكُمۡ نِعۡمَتِي وَرَضِيتُ لَكُمُ ٱلۡإِسۡلَٰمَ دِينٗاۚ

-"આજે મેં તમારા માટે તમારો ધર્મ પૂર્ણ કરી દીધો અને તમારા ઉપર મારી નેઅમત પૂરી કરી દીધી અને તમારા માટે ઈસ્લામને ધર્મ તરીકે પસંદ કરી લીધો."   (સૂર:અલ-માઈદહ-3)

ધર્મ પૂર્ણ કરી દેવાનો અર્થ એ છે કે તેની ફરજો અને દંડ-સંવિધાન પૂર્ણ કરી દેવા. આ આયત અવતરિત થયા પછી ન કોઈ હલાલ હોવાનો આદેશ અવતરિત થયો અને ન તો હરામ હોવાનો. આ કથન ઈબ્ને અબ્બાસ (રદિ.) નું છે. (તફસીર ઝાદુલ મસીર)

ઈસ્લામનો દાવો સાચો છે કે તે એક સંપૂર્ણ ધર્મ છે. આજે પણ તે મનુષ્યની તમામ સમસ્યાઓનું નિરાકરણ લાવે છે. ખાવા-પિવા, ઊંઘવા-જાગવાની રીતથી લઈને અર્થશાસ્ત્ર અને બંદગી સુધીના તમામ તરીકાઓ ઈસ્લામ ધર્મએ બતાવી દીધાં છે જે તેના સંપૂર્ણ ધર્મ હોવાની નિશાની છે.

## (4) સંપૂર્ણ પ્રેકટીકલ મોડલ :-

અલ્લાહ તઆલા ફરમાવે છે,

لَّقَدۡ كَانَ لَكُمۡ فِي رَسُولِ ٱللَّهِ أُسۡوَةٌ حَسَنَةٞ لِّمَن كَانَ يَرۡجُواْ ٱللَّهَ وَٱلۡيَوۡمَ ٱلۡأٓخِرَ وَذَكَرَ ٱللَّهَ كَثِيرٗا

-"બેશક તમારા માટે અલ્લાહના રસૂલ માં બેહતરીન નમૂનો છે તેમના માટે જેઓ અલ્લાહ અને આખિરતના દિવસ પર ઈમાન રાખે છે અને અલ્લાહ ને ખૂબ યાદ કરે છે."

(સૂર:અલ-અહઝાબ-21)

ઈસ્લામની તાલિમ સંપૂર્ણ હોવાની સાથે સાથે તેના પર અમલ કરવો પણ આસાન છે. કોઈ એમ નથી કહી શકતુ કે મારાથી ઈસ્લામની તાલીમ પર અમલ નહિ કરી શકાય અથવા મને ઈસ્લામની ફલાણી તાલીમથી મતભેદ છે. કારણ કે જેમના દ્વારા અલ્લાહ તઆલાએ આ શરીઅત આપણા સુધી પહોંચાડી દેવાનો આદેશ આપ્યો, તેમણે આદેશ આપવાના સાથે સાથે અમલ કરીને પણ બતાવી દીધું, જેથી કરીને કોઈ બહાનું ન કરી શકે. એટલુંજ નહિ પરંતુ પયગંબર હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ એ જે આપણને તાલીમ આપી તેના વિરુદ્ધ પણ આપણે કોઈ અમલ કરવો જોઈએ નહિ. કારણ કે આમાં જ આપણા માટે આખિરત (પરલોક) ની સફળતા છે

## (5) માન્યતાઓ અને આદેશોમાં પ્રકૃતિ અને અમલ સાથે સુસંગતતા :-

અલ્લાહ તઆલા ફરમાવે છે કે,

أَمْ خُلِقُوا۟ مِنْ غَيْرِ شَىْءٍ أَمْ هُمُ ٱلْخَـٰلِقُونَ
أَمْ خَلَقُوا۟ ٱلسَّمَـٰوَٰتِ وَٱلْأَرْضَ ۚ بَل لَّا يُوقِنُونَ

-"શું તેઓ કોઈ પણ દ્વારા બનાવવામાં આવ્યા ન હતા ? અથવા તેઓ પોતે સર્જક છે ? શું તેમણે જ આકાશો અને ધરતીનું સર્જન કર્યું છે? પરંતુ તેઓ વિશ્વાસ કરવાવાળા લોકો જ નથી" (સૂર:તૂર-35, 36)

قَالَ أَتَعْبُدُونَ مَا تَنْحِتُونَ

-"તો તેમણે કહ્યું કે ,"તમે તેમને પૂજો છો જેને તમે પોતે બનાવો છો? " (સૂર: અસ્-સાફફાત-95)

مَّا ٱلْمَسِيحُ ٱبْنُ مَرْيَمَ إِلَّا رَسُولٌ قَدْ خَلَتْ مِن قَبْلِهِ ٱلرُّسُلُ وَأُمُّهُۥ صِدِّيقَةٌ ۖ كَانَا يَأْكُلَانِ ٱلطَّعَامَ ۗ ٱنظُرْ كَيْفَ نُبَيِّنُ لَهُمُ ٱلْـَٔايَـٰتِ ثُمَّ ٱنظُرْ أَنَّىٰ يُؤْفَكُونَ

-"મરિયમ ના પુત્ર મસીહ ફક્ત પયગંબર હોવા સિવાય કશું જ નથી, આના પહેલા પણ ઘણા પયગંબરો થઈ ચૂક્યા છે, તેમની માતા એક પવિત્ર અને સાચી સ્ત્રી હતી, બંને (માતા-પુત્ર) ભોજન કરતા હતા, તમે જૂઓ અમે કેવી રીતે સ્પષ્ટ નિશાનીઓને તેમના સામે રજૂ કરીએ છીએ, પછી વિચાર કરો કે તેઓ કેવી રીતે પલટાવવામાં આવે છે" ( સુર:માઈદહ-75)

أَوَلَمْ يَرَ ٱلْإِنسَـٰنُ أَنَّا خَلَقْنَـٰهُ مِن نُّطْفَةٍ فَإِذَا هُوَ خَصِيمٌ مُّبِينٌ
وَضَرَبَ لَنَا مَثَلًا وَنَسِىَ خَلْقَهُۥ ۖ قَالَ مَن يُحْىِ ٱلْعِظَـٰمَ وَهِىَ رَمِيمٌ
قُلْ يُحْيِيهَا ٱلَّذِىٓ أَنشَأَهَآ أَوَّلَ مَرَّةٍ ۖ وَهُوَ بِكُلِّ خَلْقٍ عَلِيمٌ

**" શું મનુષ્ય જોતો નથી કે અમે તેને વીર્ય માંથી પેદા કર્યો છે? પછી પણ તે ખુલ્લો ઝઘડાખોર બની બેઠો. અને તેણે અમારા માટે દ્રષ્ટાંતો ઘડી લીધા છે અને પોતાની પેદાઈશ ને ભૂલી ગયો, કહેવા લાગ્યો ,"આ સડેલા જર્જરિત હાડકાઓને કોણ જીવતા કરી શકે છે?" કહી દો કે, "આમને તે જીવતા કરશે જેણે આમને પ્રથમ વખત પેદા કર્યા, જે તમામ સૃષ્ટિની પેદાઈશ ને સારી રીતે જાણે છે" (સૂર:યાસિન-77, 78,79)**

## (6) વૈજ્ઞાનિક તથ્યો સાથે સુસંગતતા :-

હઝરત મુહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) ના સમયના શૈક્ષણિક સ્તર ને ધ્યાનમાં લેવામાં આવે તો આ વાત કોઈપણ રીતે વિશ્વાસ કરવાને લાયક નથી લાગતી કે કુરાનના ઘણા બધા વિધાનો જે સાયન્સ સાથે સંબંધિત છે તે કોઈ વ્યક્તિના વિચારોનું પરિણામ હોઈ શકે, પરંતુ સાચું તો એ છે કે કુરઆનને માત્ર એક સાક્ષાત્કાર અભિવ્યક્તિ તરીકે આદર આપવાને બદલે એક વિશેષ સ્થાન આપવું યોગ્ય ગણાશે. કારણકે કુરાનના વૈજ્ઞાનિક તથ્યો પ્રમાણિતતા ની ગેરંટી આપે છે અને પોતાના અંદર એવા વૈજ્ઞાનિક વિધાનો ધરાવે છે કે આજે પણ જ્યારે તેને વાંચવામાં આવે છે ત્યારે મનુષ્યને એક પડકારરૂપ નજર આવે છે

**(The Bible, The Qur'an and science by Dr. Maurice Bucaille)**

અલ્લાહ તઆલા ફરમાવે છે કે ,

سَنُرِيهِمْ ءَايَـٰتِنَا فِى ٱلْـَٔافَاقِ وَفِىٓ أَنفُسِهِمْ حَتَّىٰ يَتَبَيَّنَ لَهُمْ أَنَّهُ ٱلْحَقُّ ۗ أَوَلَمْ يَكْفِ بِرَبِّكَ أَنَّهُۥ عَلَىٰ كُلِّ شَىْءٍ شَهِيدٌ

**-"ટૂંક સમયમાં જ અમે આમને અમારી નિશાનીઓ દુનિયાના કિનારાઓ માં પણ દેખાડીશુ અને એમની પોતાની જાતમાં પણ,ત્યાં સુધી કે એમના પર વાત સ્પષ્ટ થઈ જાય કે આ જ સત્ય છે, શું તમારા રબનુ દરેક વસ્તુથી માહિતગાર હોવું કાફી નથી ?" (સૂર:હા.મીમ.અસ્ સજદહ-53).**

## (7) હલાલ અને હરામની સમજદારી પૂર્વક વહેંચણી :-

અલ્લાહ તઆલા ફરમાવે છે કે,

إِنَّمَا حَرَّمَ عَلَيْكُمُ ٱلْمَيْتَةَ وَٱلدَّمَ وَلَحْمَ ٱلْخِنزِيرِ وَمَآ أُهِلَّ بِهِۦ لِغَيْرِ ٱللَّهِ

-" બેશક તેણે તમારા પર મુરદાર, લોહી, સુવ્વરનુ માંસ અને તે દરેક વસ્તુ જેના પર અલ્લાહ સિવાય બીજાઓના નામ પોકારવામાં આવે તેને હરામ કરેલ છે. (સૂર:બકરહ-173)

يَسْـَٔلُونَكَ عَنِ ٱلْخَمْرِ وَٱلْمَيْسِرِ ۖ قُلْ فِيهِمَآ إِثْمٌ كَبِيرٌ وَمَنَـٰفِعُ لِلنَّاسِ وَإِثْمُهُمَآ أَكْبَرُ مِن نَّفْعِهِمَا ۗ
-" તેઓ તમને દારૂ અને જુગાર વિશે પૂછે છે, તો કહી દો કે તે બંનેમા ખૂબ મોટો ગુનોહ છે અને લોકો માટે થોડોક ફાયદો પણ છે, પરંતુ તેનું નુકસાન ફાયદા કરતાં વધારે છે. "

(સૂર: બકરહ-219)

અલ્લાહ ના રસૂલ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) એ ફરમાવ્યું કે,

" તમે દારૂ ન પીઓ એટલા માટે કે તે દરેક બૂરાઇની ચાવી છે. "

( સુનન ઈબ્ને માજા- 3371)

અલ્લાહ તઆલાએ કોઈ વસ્તુને હલાલ કરી છે તો કોઈ વસ્તુને હરામ કરી છે અને દરેક વસ્તુ જેને અલ્લાહ તઆલાએ હલાલ કરી છે તેના અંદર માનવ પ્રકૃતિ ને અનુરૂપ બેસુમાર ફાયદાઓ છે, અને જે વસ્તુઓને અલ્લાહ તઆલાએ હરામ કરી છે તેના અંદર પણ સમગ્ર માનવજાત માટે ધણા બધા નુકસાન છે.

## (8) માનવીની નબળાઇઓ અને કમજોરીઓને લીધે છૂટછાટ :-

અલ્લાહ તઆલા ફરમાવે છે કે,

وَٱلَّذِينَ ءَامَنُوا۟ وَعَمِلُوا۟ ٱلصَّـٰلِحَـٰتِ لَا نُكَلِّفُ نَفْسًا إِلَّا وُسْعَهَآ أُو۟لَـٰٓئِكَ أَصْحَـٰبُ ٱلْجَنَّةِ ۖ هُمْ فِيهَا خَـٰلِدُونَ
-" અને જે લોકો ઈમાન લાવ્યા અને નેક કામો કર્યા,અમે કોઈને તેની શક્તિ મુજબ જ જવાબદેહ બનાવીએ છીએ, તેઓ જ જન્નતી છે જ્યાં તેઓ હંમેશા રહેશે"

(સૂર: અલ આરાફ-42)

وَمَا لَكُمْ أَلَّا تَأْكُلُوا۟ مِمَّا ذُكِرَ ٱسْمُ ٱللَّهِ عَلَيْهِ وَقَدْ فَصَّلَ لَكُم مَّا حَرَّمَ عَلَيْكُمْ إِلَّا مَا ٱضْطُرِرْتُمْ إِلَيْهِ
-" બેશક તેણે તમારા માટે સ્પષ્ટ કરી દીધું છે જે તમારા ઉપર હરામ કરેલ છે, પરંતુ તે પણ જ્યારે તમને વધારે જરૂર પડી જાય( તો જાઈઝ છે) " (સૂર: અલ અનઆમ-119)

ઇસ્લામે મનુષ્યને નેક કામો કરવા માટેની તાલિમ આપી છે અને બુરા કામોથી રોક્યા છે. પરંતુ જ્યારે એક વ્યક્તિ મજબૂર થઈ જાય છે ત્યારે ઇસ્લામ કેટલીક શરતો સાથે મજબૂરીના કારણે તેના પર ફર્ઝ બાબતોને આસાન અને હરામ વસ્તુને કેટલીક હદ સુધી હલાલ કરી દે છે. જેથી તેનું જીવન આસાન થઈ જાય. ઉપરની આયતથી આ બાબત સ્પષ્ટ થાય છે. આને લગતા કેટલાક ઉદાહરણ આ મુજબ છે.

*** નમાઝ માટે :-**

**નબી કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) એ ફરમાવ્યું કે,**

**" તમે ઉભા રહીને નમાઝ પઢો, જો તમારામાં તાકત ન હોય તો બેસીને નમાઝ પઢો અને જો તમને આની પણ તાકાત ન હોય તો પડખા ભેર થઈને નમાઝ પઢો " (બુખારી-1117)**

*** રોઝા માટે :-**

**અલ્લાહ તઆલા ફરમાવે છે કે,**

**أَيَّامًا مَّعْدُودَاتٍ ۚ فَمَن كَانَ مِنكُم مَّرِيضًا أَوْ عَلَىٰ سَفَرٍ فَعِدَّةٌ مِّنْ أَيَّامٍ أُخَرَ ۚ وَعَلَى ٱلَّذِينَ يُطِيقُونَهُۥ فِدْيَةٌ طَعَامُ مِسْكِينٍ**

**"ગણતરીના કેટલાક દિવસો છે પરંતુ જો તમારામાંથી જે માણસ બીમાર હોય અથવા મુસાફરીમાં હોય તો તે બીજા દિવસોમાં ગણતરી પૂરી કરી લે અને જે તેની તાકાત રાખતો હોય તો ફિદિયા માં એક ગરીબ ને ખાવાનું આપે" ( સુર:બકરહ-184)**

*** ધર્મદાન(ઝકાત) માટે :-**

**નબી કરીમ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) એ હઝરત મુઆઝ રદિ. ને યમન તરફ મોકલ્યા તો કેટલીક વસીયત કરીને ફરમાવ્યું કે, " અલ્લાહે તેમના પર તેમના માલમાં સદકો ફર્ઝ કર્યો છે જે તેમના માલદારો પાસેથી લેવામાં આવે અને તેમના ગરીબોને આપવામાં આવે"**

**(બુખારી-1331)**

*** હજ માટે :-**

**અલ્લાહ તાલાલા ફરમાવે છે કે,**

**وَلِلَّهِ عَلَى ٱلنَّاسِ حِجُّ ٱلْبَيْتِ مَنِ ٱسْتَطَاعَ إِلَيْهِ سَبِيلاً**

**"અલ્લાહે તે લોકો પર જેઓ તેની તરફ માર્ગ પામી શકતા હોય, તે ઘર ની હજ જરૂરી કરી દીધી છે"**

**(સૂર: આલે ઈમરાન-97)**

*** મજબુરીની હાલતમાં છૂટ આપવામાં આવી છે :-**

**અલ્લાહ તઆલા ફરમાવે છે કે,**

**مَن كَفَرَ بِٱللَّهِ مِنۢ بَعْدِ إِيمَـٰنِهِۦٓ إِلاَّ مَنْ أُكْرِهَ وَقَلْبُهُۥ مُطْمَئِنٌّۢ بِٱلْإِيمَـٰنِ وَلَـٰكِن مَّن شَرَحَ بِٱلْكُفْرِ صَدْرًا فَعَلَيْهِمْ غَضَبٌ مِّنَ ٱللَّهِ وَلَهُمْ عَذَابٌ عَظِيمٌ**

**"જે વ્યક્તિ પોતાના ઈમાન પછી અલ્લાહ સાથે કુફ્ર કરે તેના સિવાય કે જેને મજબૂર કરવામાં આવે અને તેનું દિલ ઈમાન પર કાયમ હોય, પરંતુ જે ખુલ્લા દિલથી કુફ્ર કરે તો તેના ઉપર અલ્લાહ નો પ્રકોપ છે અને આવા બધા લોકો માટે ખૂબ મોટો અઝાબ છે."**

**(સુર: અન્ નહલ -106)**

## (9) ભૌતિક અને આધ્યાત્મિક બંને બાબતોમાં સંતુલન :-

**ઇસ્લામ માત્ર આધ્યાત્મિકતા નો ધર્મ નથી કે લોકોને એવી વાતો બતાવે જેનાથી એક મનુષ્ય માટે દુનિયાનું જીવન અને તેની સુખશાંતિ પ્રાપ્ત કરવી મુશ્કેલ થઈ જાય, પરંતુ જરૂરત મુજબ ભૌતિકતા પ્રાપ્ત કરવાનો પણ આદેશ આપે છે.**

**અલ્લાહ તઆલા ફરમાવે છે કે,**

**وَٱبْتَغِ فِيمَآ ءَاتَىٰكَ ٱللَّهُ ٱلدَّارَ ٱلْـَٔاخِرَةَ ۖ وَلَا تَنسَ نَصِيبَكَ مِنَ ٱلدُّنْيَا**
**"અને જે કંઈ અલ્લાહે તને આપી રાખ્યું છે તેમાંથી આખિરતના ઘરની ચિંતા કર અને પોતાના દુનિયાના હિસ્સાને પણ ન ભુલ." ( સૂર:અલ કસસ-77)**

**يَٰبَنِىٓ ءَادَمَ خُذُوا۟ زِينَتَكُمْ عِندَ كُلِّ مَسْجِدٍ وَكُلُوا۟ وَٱشْرَبُوا۟ وَلَا تُسْرِفُوٓا۟ ۚ إِنَّهُۥ لَا يُحِبُّ ٱلْمُسْرِفِينَ**
**قُلْ مَنْ حَرَّمَ زِينَةَ ٱللَّهِ ٱلَّتِىٓ أَخْرَجَ لِعِبَادِهِۦ وَٱلطَّيِّبَٰتِ مِنَ ٱلرِّزْقِ ۚ قُلْ هِىَ لِلَّذِينَ ءَامَنُوا۟ فِى ٱلْحَيَوٰةِ ٱلدُّنْيَا خَالِصَةً يَوْمَ ٱلْقِيَٰمَةِ**
**"અને ખાઓ પીઓ અને હદથી આગળ ન વધો, બેશક હદથી આગળ વધી જનારાઓને અલ્લાહ મોહબ્બત નથી કરતો. તમે કહી દો કે, "તે સાજ-સજ્જા કોણે હરામ કરી છે જેને અલ્લાહ પોતાના બંદાઓ માટે પેદા કરી છે અને પવિત્ર રોજી ને" તમે કહી દો, "તે દુનિયાની જિંદગીમાં એવા લોકો માટે છે જેમણે યકીન કર્યું અને ખાસ કરીને કયામતના દિવસે તેમના માટે જ છે" (સૂર: અલ આરાફ-31, 32)**